# સરકાર અને પાસ ઝૂકતાં આજે મંત્રણા

## હાર્દિકની માંગ ઉપર આજે મુખ્ય ચર્ચા : વિવાદનો ઉકેલ આવી શકે : સરકાર દ્વારા ચાર પ્રધાનોની સમિતિ બનાવાઈ : હાર્દિક આજે પારણાં કરી શકે : પાસની સાથે વાતચીત કર્યા બાદ નરેશ પટેલ સરકાર સાથે વાતચીત કરશે : સૌરભ પટેલના આમંત્રણ પર વાટાઘાટો થશે

અમદાવાદ,તા.૭

ગુજરાત સરકાર અને પાટીદાર અનામત તેમજ ખેડૂત દેવા માફી માટે આમરણાંત ઉપવાસ ઉપર ઉતરેલા હાર્દિક પટેલ બંને તરફથી પોતપોતાનું વલણ આંશિકરીતે હળવું કરવામાં આવતા વાતચીતનો માર્ગ મોકળો થયો છે. એકબાજુ હાર્દિક પટેલ સારવાર લેવા માટે હોસ્પિટલમાં દાખલ થયો છે. બીજી બાજુ સરકારે પણ વાતચીત માટેની તૈયારી બતાવી છે. ઉર્જામંત્રી સૌરભ પટેલે આજે કહ્યું હતું કે, સરકારના દરવાજા દરેક સમાજ માટે ખુલ્લા છે. સરકાર ક્યારે કોઈને વાટાઘાટોનો ઈન્કાર કરતી નથી. પાસ સમિતિએ પણ વાટાઘાટો માટે સમય માંગ્યો હોવાના અહેવાલ મળ્યા છે. હાર્દિક પટેલ આવતીકાલે પારણા કરે તેવું પણ માનવામાં આવી રહ્યું છે. સાંજે ચાર વાગ્યાની આસપાસ પારણા કરી શકે છે. હાર્દિકના પારણા સમયે ખોડલધામના નરેશ પટેલ અને ઉમિયાધામના પ્રમુખ પ્રહલાદ પટેલ હાજર રહે તેવી શક્યતા છે. હાર્દિક પારણા માટે માની ગયો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. બીજી બાજુ આવતીકાલે મંત્રણા થનાર છે. સરકાર તરફથી ચાર પ્રધાનોની ટીમ બનાવવામાં આવી છે. આ સમિતિમાં પ્રધાન કૌશિક પટેલ, પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રધાન સૌરભ પટેલ અને પ્રધાન પ્રદિપસિંહ જાડેજાનો સમાવેશ થાય છે. આ સમિતિ સાથે નરેશ પટેલ પાસ સાથે વાતચીત કર્યા બાદ બેઠક યોજશે. પાટીદારોને અનામત આપવા, ખેડૂતોનું દેવુ માફ કરવા



તથા અલ્પેશ કથિરિયાની જેલ મુક્તિની માગણીઓને આમરણ અનશન કરી રહેલા હાર્દિક પટેલને મળવા માટે આજે ખોડલધામના ટ્રસ્ટી નરેશ પટેલ પહોંચ્યા હતા. હાર્દિકની મુલાકાત અને તેના ખબરઅંતર પૂછયા બાદ નરેશ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓ ખોડલધામ અને ઉમિયા ધામના ટ્રસ્ટીઓ સાથે મળીને સરકાર સાથે મધ્યસ્થી કરશે. તેઓ હાર્દિકની માંગણી અને લાગણી સરકાર સુધી પહોંચાડશે. પરંતુ તેમની સૌથી પ્રાધાન્યતા હાર્દિક પારણાં કરી લે તે છે. મને તેની ભારે ચિંતા થાય છે. બીજીબાજુ, રાજયના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલે આજે સાંજે એક નિવેદન મારફતે સ્પષ્ટ કર્યું હતું કે, સરકાર પાટીદાર સંસ્થાઓના આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરવા તૈયાર છે. સરકારનું મન ખૂલ્લું છે. સરકાર પાટીદારોની તમામ છએ સંસ્થાના આગેવાનો સાથે વાટાઘાટો માટે તૈયાર છે. જો કે, સંસ્થાના આગેવાનોનું અપમાન થયું છે તે પણ વાસ્તવિકતા છે. સૌરભ પટેલના આ નિવેદનને હાર્દિકના સાથી મનોજ પનારાએ વખોડયું હતું અને જણાવ્યું હતું કે, સરકાર આક્ષેપબાજી બંધ કરે. છેલ્લા ૧૪ દિવસથી આમરણાંત ઉપવાસ આદરીને બેઠેલા હાર્દિક પટેલના ખબરઅંતર પૂછવા અને તેની સાથે રૂબરૂ મુલાકાત માટે આજે ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલ આજે હાર્દિકની ઉપવાસ છાવણી સાથે પહોંચ્યા હતા. હાર્દિકની મુલાકાત બાદ નરેશ પટેલે જણાવ્યું હતું કે, હાર્દિક પટેલની તબિયતની ચિંતા કરીને હું તેને મળવા આવ્યો છું. મારી ઈચ્છા છે કે જલ્દીથી હાર્દિક પટેલ પારણા કરી લે. આજે હું પાટીદારોની બે ધાર્મિક સંસ્થાઓ

● અનુસંધાન પાન-૭ પર

## પાસ વાટાઘાટો કરવા માટે તૈયાર : પનારા



અમદાવાદ, તા. ૭

પાસના વરિષ્ઠ નેતા મનોજ પનારાએ રાજ્યના ઉર્જામંત્રી સૌરભ પટેલના નિવેદન બાદ જણાવ્યું હતું કે, ખેડૂતોના હિતમાં, સમાજના હિતમાં, યુવાનોના હિતમાં અમે ચર્ચા માટે તૈયાર છીએ. જો સરકાર બોલાવશે તો અમે ચર્ચા માટે તૈયાર છીએ. આ ચર્ચામાં સરકાર સમાજના આગેવાનો અને અધિકારીઓને સામેલ રાખે તો પણ અમને વાંધો નથી. તમામ પ્રકારના મતભેદો ભુલાવીને વાટાઘાટો કરવા માટે તૈયાર છીએ. જો સરકાર વાતચીત ઈચ્છે છે તો અમને કોઈ વાંધો નથી. સરકાર સમાજના ટ્રસ્ટીઓ સાથે વાટાઘાટો ચલાવે તો પણ અમને વાંધો નથી.

## મિશન વિદ્યાના બાહ્ય મૂલ્યાંકનને પગલે ૧૭૦ શાળાના સમયમાં ફેરફાર કરાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં મિશન વિદ્યાની સફળતા અંગે ચાલી રહેલા બાહ્ય મૂલ્યાંકનને પગલે આજે ૧૭૦થી વધુ શાળાઓના સમયમાં ફેરફાર કરાયો છે.

જે શાળાઓના સમયમાં ફેરફાર કરાયો છે તેમાં માણસાની ૩૨, કલોલની ૩૩, ગાંધીનગરની ૫૩ અને દહેગામની ૫૫ શાળાઓનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૪૦૦થી વધુ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. આજે આ ૧૭૦થી વધુ સ્કૂલોનો સમય સવારે ૧૦.૩૦ થી ૫.૩૦ રાખવામાં આવ્યો છે. બાહ્ય મૂલ્યાંકન માટે મહેસાણા જિલ્લામાંથી ૪૮ જેટલા સી.આર.સી. આવ્યા છે. ફિલ્ડ ઈન્વેસ્ટીગેટર સાથેની ટીમો બનાવી આ મૂલ્યાંકનની કામગીરી ચાલી રહી છે. મિશન વિદ્યાની સફળતા કે નિષ્ફળતા માટે ૩૦ ગુણાંકના આ બાહ્ય મૂલ્યાંકન માટે રાજ્ય સરકારે ૬ થી ૮ સપ્ટેમ્બર નિયત કરી હતી.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે આ ૩૦ ગુણાંકના મૂલ્યાંકનને આધારે ક્યાં ક્યાં મિશન વિદ્યા પુનઃ ચાલુ કરવુ તેનો નિર્ણય લેવામાં આવશે. વાંચન, લેખન, ગણન માટે ૧૦-૧૦ ગુણ રાખવામાં આવ્યા છે. આ બાહ્ય મૂલ્યાંકનની સમગ્ર કાર્યવાહીનું મોનીટરીંગ ડાયટ દ્વારા કરવામાં આવી રહ્યુ છે જે નોંધનીય છે.

## સે-૩૦ માં નવા આવાસોનુ કામ મંદ ગતિએ

**યોજના પુર્ણ થતા હજુ ચાર મહીના લાગશે : વધુ નવા આવાસો બાંધવા માટે સ્થળ પસંદગીની પ્રક્રીયામાં જ ૬ મહીના વિતી ગયા !!**

ગાંધીનગર તા ૮

શહેરના સે-૩૦ માં સરકારી આવાસો બનાવાની યોજનાનુ કામ વિલંબમાં પડતા હજુ આ આવાસો તૈયાર થઈ શક્યા નથી. અગાઉ જુલાઈ મહીનાના અંત સુધીમાં આ મકાનો તૈયાર કરી દેવાશે તેમ પણ તંત્ર દ્વારા જણાંવાયુ હતુ પરંતુ જી એસ ટી ના લીધે કોન્ટ્રાકટરોની હડતાલ સહીતના મુદે આવાસ યોજનાની કામગીરી મંદ પડી જતા સેકટરમાં હાથ ધરાયેલી આવાસ યોજનાનુ કામ પુર્ણ થતા હજુ ચાર મહીના જેટલો સમય લાગશે.

શહેરમાં સરકારી આવાસો બનાવાની યોજના અન્વયે હજુ સ્થળ પસંદગી થઈ શકી નથી. જયારે આવાસોના નિર્માણ માટે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ જોખમી મોટામસ ગાબડા

ગાંધીનગર તા ૭

શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હજુ પણ બાકી કામગીરી પુર્ણ કરવા માટે તંત્ર દ્વારા સર્વે કરી નવી દરખાસ્ત રજુ કરવામાં આવી છે. પરંતુ ફુટપાથની જાળવણના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળી રહ્યુ છે. નગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ ચિતરેહાલ જોવા મળતી ફુટપાથ નગરના પ્રવેશદ્વારેથી જ તંત્રની ભ્રષ્ટ કામગીરીનો પરચો આપી દે તેવી સ્થિતિ છે.

શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે હજુ પણ ફુટપાથની બાકી કામગીરી અન્વયે તંત્ર દ્વારા દરખાસ્ત

● અનુસંધાન પાન-૭ પર

## આર ટી ઓ કચેરીના અધિકારીઓના અણઘડ વહીવટથી અરજદારો તોબા

ગાંધીનગર તા ૮

ગાંધીનગર આર ટી ઓ કચેરી અરજદારો માટે ધક્કા ખાવાનુ કેન્દ્ર બની ગઈ છે. આર ટી ઓ કચેરીના મંદ અને ભ્રષ્ટ વહીવટના લીધે સ્થાનિકોએ અનેકવાર મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. આર ટી ઓ માં એજન્ટો વિના આમ નાગરિકોના કામોની પતાવટ થતી ન હોવાનો આક્રોશ હજુ ચરમસીમાએ છે ત્યારે આર ટી ઓ તંત્રએ જ એજન્ટો મારફતે કામ કરવાનુ સરળ થાય તેવી પ્રથા અપનાવી હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો છે. રીક્ષાના બેઈઝડ લાયસન્સ માટે ધો -૮ પાસ હોવુ જરૂરી છે. આમછતા ધો -૧૦ બાદનુ શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર પણ અધિકારીઓ દ્વારા ગ્રાહ્ય ન રાખી ધો -૮ પાસ કર્યુ હોવાનુ લેખિત રજુ કરવા અરજદારને ફરમાન કર્યુ છે. ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત

● અનુસંધાન પાન-૭ પર

## મહિલા-બાળ વિકાસની કામગીરીને અસરકારક બનાવવા ૪ પ્રાદેશિક કચેરી

ગાંધીનગર, તા. ૭

રાજ્યમાં મહિલા અને બાળ વિકાસ વિભાગની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે ચાર પ્રાદેશિક કચેરીઓ શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે રાજકોટ, અમદાવાદ, વડોદરા અને સુરત ખાતે આ પ્રાદેશિક કચેરીઓ શરૂ કરવામાં આવશે. આ પ્રાદેશિક કચેરીઓના વડાને પ્રાદેશિક વડા નામાભિધાન કરવામાં આવ્યુ છે. તેમજ સાત પ્રોગ્રામ ઓફિસર અર્બન વર્ગ-૧ની મહાનગરપાલિકાની સાત જગ્યાઓ પણ મંજૂર કરી દેવામાં આવી છે.

રાજ્ય સરકારે શહેરી તરીકે જાહેર કરી તેમને નાણાંકીય સત્તાઓની સોંપણીના પણ હુકમો કરી દેવાયા છે.

આ કચેરીઓને વિભાગીય નાયબ નિયામકની કચેરી તરીકે વિસ્તારો માટે પ્રાદેશિક કચેરીઓ નગરપાલિકાઓ માટે શરૂ કર્યા બાદ હવે મહિલા બાળ-વિકાસની પણ આવી પ્રાદેશિક કચેરીઓ શરૂ કરી વહીવટીતંત્રને વધુ લોકાભિમુખ બનાવવાની દિશામાં કાર્યવાહી શરૂ કરી દેવાનું સરકારના સૂત્રોએ જણાવ્યુ છે.

આ કચેરીઓ એકાદ માસમાં જ કાર્યાન્વીત કરી દેવામાં આવશે. આ માટેની સ્ટાફ પેટર્નને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હોવાનું પણ સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.

આમ કરવાથી મહિલા સશક્તિકરણ તેમજ કુપોષણ મુક્તિ અભિયાન જેવા મહત્વના કાર્યક્રમોનું અસરકારક મોનીટરીંગ અને અમલીકરણ થશે તેવો વિશ્વાસ પણ આ સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. આને પગલે આંગણવાડી કેન્દ્રોનું પણ અસરકારક મોનીટરીંગ થશે તેમ આ સૂત્રોએ ઉમેર્યુ હતુ.

### પ્રાદેશિક કચેરીના કાર્યક્ષેત્રમાંથી તેમજ વર્ગ-૧ની નવી જગ્યા મંજૂર કરવામાં ગાંધીનગર મનપાની બાદબાકી

ગાંધીનગર, તા. ૭

મહિલા-બાળ વિકાસની ચાર પ્રાદેશિક કચેરી શરૂ કરવાની સાથે રાજ્યની સાત મહાનગરપાલિકામાં પ્રોગ્રામ ઓફિસરની વર્ગ-૧ની જગ્યા મંજૂર કરવાના નિર્ણયમાં ગાંધીનરને અન્યાય કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા ૨૦૧૦માં અસ્તિત્વમાં આવ્યા પછી પણ અહિ વર્ગ-૧ની જગ્યા મંજૂર નથી કરાઈ તેમજ પ્રાદેશિક કચેરીઓનુ જે ક્ષેત્ર નિયત કરાયુ છે તેમાં પણ ગાંધીનગર મનપાની બાદબાકી કરાઈ છે. ગાંધીનગર મનપાની બાદબાકી કેમ કરાઈ તે અંગે આજે સચિવાલયમાં મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો. આ મનપાને માત્ર એક જ સેવા સફાઈની વિધિવત્ રીતે અપાઈ હોવાથી કોઈપણ બાબતમાં તેનો સમાવેશ કરાયો નથી. ગાંધીનગર મનપા સાથે કરાયેલા આ અન્યાયનો પડઘો આગામી સામાન્ય સભા જે ૧૪મીએ મળનાર છે તેમાં પડે છે કે કેમ ? તે જોવુ રહ્યું.


### શ્રદ્ધાંજલિ



**મનીષભાઈ દશરથભાઈ અમીન**

**જન્મ** તા. ૧૮.૧૦.૧૯૬૮ | **સ્વર્ગવાસ** તા. ૦૪.૦૯.૨૦૧૮

મિત્રતા જેવી મહાન કોઈ ભેટ નથી !
- અને આ અમૂલ્ય ભેટ અમને મનીષ તરફથી મળી...!
એક ફુલ આખું ઉદ્યાન હોઈ શકે અને એક મિત્ર આખું વિશ્વ...
પ્રભુ અમારા પરમ મિત્ર મનીષના આત્માને
ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના...

PARAM

**યુસુફ મનસુરી** (અભય ડેકોરેટર્સ)
**પરવેજ મનસુરી** (આહના ઈલેક્ટ્રીકલ્સ)
**પ્રતાપ રાણા** (હિના સિક્યુરીટી એન્ડ લેબર સર્વિસ)
**બાબુભાઈ વોરા** (રતન ડેકોરેટર્સ)
**રોનક વોરા** (રોશની લાઈટ ડેકોરેટર્સ)
**ઝરિના મનસુરી** (ઝરિન કેટરીંગ પ્રા. લિ.)
**ઝરણા મનસુરી** (સ્પાર્ક એન્ડ ફિઝ ઈવેન્ટસ)
**ઓમ રાણા** (નિશાંત લેબર એન્ડ સિક્યુરીટી સર્વિસ)
**જાનુભાઈ ગુર્જર** (વિક્રમ ડેકોરેટર્સ)
**નીતિનભાઈ ભાવસાર** (નવલ કેટરર્સ એન્ડ ડેકોરેશન)

**વિજય ચૌહાણ** · **મોહસિનખાન પઠાણ** · **કીર્તિકુમાર ભાવસાર** · **મહેબુબભાઈ મનસુરી**
**જીવણ ઠાકોર** · **શંભુજી ઠાકોર** · **નરેન્દ્રભાઈ મહેતા** · **હસમુખ પ્રજાપતિ**
**મિઠાલાલ રાણા** · **દિનેશભાઈ પંડ્યા** · **નટવરસિંહ ભાટી** · **સિધ્ધરાજસિંહ ભાટી**

**ફક્ત ૧૦ મીનીટમાં પાસપોર્ટ ફોટા**

₹૫૦/- માં 08 પાસપોર્ટ ફોટા

• Videography • Photography,
• Editing Work • Ad Film,
• Documentary Film,
• Short Film,
• Online Marketing

Red Smile Entertainments

We entertain with smile to make you smile

Call - 88 66 3235 67 | WhatsApp - 72 72 8892 51
SHOP NO. 104, FIRST FLOOR, PRARAMBH PLAZA, SECTOR NO. 6/A, GANDHINAGAR - 382006

**૧૩મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



જીવન જીવી જાણ્યું તમે, જીવન જીવવાની રીત અમોને શીખવી ગયા, પરિશ્રમના દિવસો વીતાવી પરિવારને સમૃદ્ધ બનાવી ગયા. તમારી કુટુંબ વાત્સલ્યતા, સ્નેહની લાગણી, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા, લોક કલ્યાણના કાર્યો હરહંમેશ અમારી આસપાસ સુવાસ બનીને પ્રસરી રહેશે...
પ્રણામ...

**ધામવાસી : જયાબેન કરસનદાસ સોનેરી**
ધામ ગમન : તા.૮/૯/૨૦૦૫ - ઋષિ પંચમી

લિ.
અશોક સોનેરી · યશરાજ સોનેરી · નિર્મિતા પરમાર · ભક્તિ સુતરીયા
નીરૂ સોનેરી · કૃષ્ણરાજ સોનેરી · ભારતી કાપડિયા · શ્રદ્ધા અમીન
'રાજતિલક', પ્લોટ નં. ૮૨૧, સેક્ટર-૬/સી, ગાંધીનગર
મો. ૯૪૨૬૬ ૨૧૦૦૮, ૯૯૯૮૯ ૦૦૬૬૬

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Turning Dreams into Concrete Reality
Kisan® · ashirvad · BENELAVE™ · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com